## ॥ श्रीगोकुलेशोजयति ॥

स्वस्तिश्रीमन्नन्दनन्दनचरणकमलामन्दमकरन्दानुरक्तचञ्चरीकानुकारिमानसेषु श्रीवेदव्यासविष्णुस्वामिमतानुवर्त्यक्षरातीतपुराणपुरुषोत्तमाखंडभूमंडलाचार्यचूडामणिमायावादध्वान्तविध्वंसप्रचंडमार्तंडमंडलभक्तजनविहंगमविश्रामकल्पपादपशरणागतवत्सलविकरालकालिकालभयरक्षकतैलङ्गकुलदीपकश्रीमद्वल्लभाचार्यवंशकुमुदाकरनिशाकरश्रीयशोदोत्सङ्गलालितमहामङ्गलस्वरूपश्रीमद्गोवर्धननाथश्रीमुखपद्मपरागानुरक्तगुरुवर्य श्रीमद्गोस्वामिश्रीश्री १०८ श्रीविठ्ठलरायजीमहाराजाधिराजानामतिकोमलचरणकमलेषु श्रीमन्मोक्षमहापुरीश्रीद्वारकानगरनिवासिजनानां नः प्रणतिपुरःसरं विनतिसहस्रं समुल्लसतात् ॥

भो भोः ! परमभागवताग्रप्रगण्यमानसमज्ञासुधाससुद्भासितजगतीत्रितयानिरपेक्षक्रितविभावरीनायकलोकजेगीयमानसौजन्यसौमनस्याः सरस्वतीसिद्धांतपारंगतव्यतीकसंसाराब्धिसत्समुद्यमजनाभिनंदनाः श्रीमंतो महाराजाः ! संसारपारावारनिमज्जदुन्मज्जदन्युठजन्युठजजनोद्धरणैकप्रयोजनावतरणानां श्रीमद्वल्लभाचार्याणां सकलभूपुत्रपवित्रीकरणेन सनाथीकृतधरित्रीवलयानां चारुचा-

માનસી શેવાનું લક્ષણ કેહે છે:

चेतस्तत्प्रवणंसेवातत्सिद्ध्यैतनुवित्तजा ॥
ततःसंसारदुःखस्यनिवृत्तिर्ब्रह्मबोधनम् ॥२॥

અર્થ—ચિત્તની વૃત્તિ શ્રીકૃષ્ણમાંજ અવિચ્છિન્ન નિમગ્ન રહે એ માનસી શેવાનું સ્વરૂપ છે. એ માનસી શેવાને સિદ્ધ કરવાને વાસ્તે શરીરથી અને ધનથી શેવા કરવી. માનસી શેવા સિદ્ધ થવાંથી અહંતા મમતાની તથા જન્મ મરણની નિવૃત્તિ થાય છે અને સર્વાત્મભાવ પ્રાપ્ત થાય છે. આ બે ફળ માનસી શેવાનાં અવાંતર છે. મુખ્ય ફળ તો એ શેવાજ છે.

શ્રીકૃષ્ણનું સ્વરૂપ સમજાવે છે.

परंब्रह्मतुकृष्णोहिसच्चिदानंदकंबृहत् ॥
द्विरूपंतद्धिसर्वंस्यादेकंतस्माद्विलक्षणम् ॥३॥

અર્થ—જે શ્રીકૃષ્ણ છે તેજ પરબ્રહ્મ છે. જે અક્ષરબ્રહ્મ કેહેવાય છે તે શ્રીકૃષ્ણનું સ્વરૂપાંતર છે. અને સત્ચિત્ તથા આનંદરૂપ છે. तदाहुरक्षरंब्रह्मसर्वकारणकारणम्॥ विष्णोर्धामपरंसाक्षात्पुरुषस्यमहात्मनः ॥ એ શ્રીભાગવતના વાકયમાં તથા यद्गत्वान निवर्ततेतद्धामपरमंमम ॥ એ શ્રીગીતાજીના વાક્યમાં એનુંજ નિરૂપણ કરયું છે. એ અક્ષરબ્રહ્મનાં બે રૂપ છે. એકરૂપ તો આ સઘળું જગત છે અને બીજુંરૂપ જગતથી વિલક્ષણ છે.

अपरंतत्रपूर्वस्मिन्वादिनोबहुधाजगुः ॥
मायिकंसगुणंकार्यंस्वतंत्रंचेतिनैकधा ॥४॥

અર્થ—અક્ષરબ્રહ્મના આ જગતરૂપ સ્વરૂપમાં વાદિઓ અનેક પ્રકાર કહી ગયા છે. માયાવાદીઓ જગતને મિથ્યા કેહે

કતોને દર્શન દે છે તેમ જગત અને અક્ષરબ્રહ્મની અંદર શ્રીકૃષ્ણ છે અને તે કોઈ સમયે ભકતોને દર્શન દે છે.

**प्रत्यक्षासानसर्वेषांप्राकाम्यंस्यात्तथाजले ॥**
**विहिताच्चफलात्तद्विप्रतीत्याचविशिष्यते ॥ ८ ॥**

અર્થ—ગંગાજીના જળપ્રવાહમાં સર્વનો યથેષ્ટ વ્યવહાર થાય છે. પણ મૂર્ત્તિવાળાં ગંગાજી સર્વને પ્રત્યક્ષ થતાં નથી. શાસ્ત્રોકત ફળ દેવાથી અને ભકતલોકોની પ્રતીતિથી ગંગાજી મૂર્ત્તિમતી છે એમ માનવામાં આવે છે, તેમ જગતમાં સર્વનો યથેષ્ટ વ્યવહાર ચાલે છે પણ મૂર્ત્તિમાન્ શ્રીકૃષ્ણ સર્વને પ્રત્યક્ષ થતા નથી. શાસ્ત્રોકત ફળ દેવાથી અને ભકતલોકોને થતાં દર્શન ઉપરથી મૂર્ત્તિમાન્ શ્રીકૃષ્ણ છે એમ માનવામાં આવે છે.

**यथाजलंतथासर्वंयथाशक्तातथाबृहन् ॥**
**यथादेवीतथाकृष्णस्तत्राप्येतदिहोच्यते ॥ ९ ॥**

અર્થ—જેમ જળપ્રવાહ છે તેમ સર્વ જગત છે, જેમ આધ્યાત્મિક તીર્થરૂપ છે તેમ અક્ષરબ્રહ્મ છે અને જેમ મૂર્ત્તિમતી ગંગા છે તેમ શ્રીકૃષ્ણ છે. यस्मात्क्षरमतीतोहमक्षरादपिचोत्तमः । अतोस्मिवेदेलोकेचप्रथितःपुरुषोत्तमः એ શ્રીગીતાજીના વચનમાં શ્રીકૃષ્ણને જગતથી તથા અક્ષરથી પર કહેલ છે. આ વિષયમાં વધારે વિવેચન આપીએ છીએ.

**जगत्तुत्रिविधंप्रोक्तंब्रह्माविष्णुशिवास्ततः ॥**
**देवतारूपवत्प्रोक्ताब्रह्मणीत्थंहरिर्मतः ॥ १० ॥**

અર્થ—જેમ ત્રિગુણાત્મક જગતમાં દેવતારૂપે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ કહેવાય છે તેમ અક્ષરબ્રહ્મમાં શ્રીકૃષ્ણ માનવામાં આવે છે.

कामचारस्तुलोकेस्मिनब्रह्मादिभ्योनचान्यथा ॥
परमानंदरूपेतुकृष्णेस्वात्मनिश्चियः ॥ ११ ॥

અર્થ—જેમ ત્રિગુણાત્મકપણાને લીધે જગત બ્રહ્મા, વિષ્ણુ અને શિવ જેવું છતાં પણ અપેક્ષિત ફળોની પ્રાપ્તિ બ્રહ્માદિકથી થાય છે, જગતથી થતી નથી તેમ અક્ષરબ્રહ્મ શ્રીકૃષ્ણનું સ્વરૂપ છતાં પણ ચિત્તમાં પરમાનંદની પ્રાપ્ત પરમાનંદરૂપ શ્રીકૃષ્ણથીજ થાય છે, અક્ષરબ્રહ્મથી થતી નથી.

अतस्तुब्रह्मवादेनकृष्णेबुद्धिर्विधीयताम् ॥
आत्मनिब्रह्मरूपेहिछिद्रेव्योमेवचेतना ॥ ७२ ॥

અર્થ—એટલા માટે બ્રહ્મવાદથી સર્વદા શ્રીકૃષ્ણનું [1]ચિંતન કરવું. જેમ આકાશ મોટી ઉપાધિમાં મોટું પ્રતીત થાય છે અને નાહાની ઉપાધિમાં નાહાનું પ્રતીત થાય છે તેમ ચૈતન્ય પણ બ્રહ્મરૂપ મોટા જીવમાં અધિક દેખાય છે અને બ્રહ્મરૂપ નાહાના જીવમાં ન્યુન [1]દેખાય છે.

उपाधिनाशेविज्ञातेब्रह्मतत्वावबोधने ॥
गंगातीरस्थितोयद्वद्देवतांतत्रपश्यति ॥ १३ ॥
तथाकृष्णंपरंब्रह्मस्वस्मिन्ज्ञानीप्रपश्यति ॥

અર્થ—દેહનો અધ્યાસ, ઈંદ્રિયોનો અધ્યાસ, અંતઃકરણનો અધ્યાસ, પ્રાણનો અધ્યાસ, સ્વરૂપનું વિસ્મરણ અને એઓનાં કાર્યરૂપ અહંતા મમતા એઓનો નાશ થતાં પોતાસહિત સંપૂર્ણ પ્રપંચમાં અક્ષરબ્રહ્મનું જ્ઞાન થયા પછી જ્ઞાની પુરૂષ

---

1 समोयंनागेनसमोयमशेकेन એશ્રુતિમાં એમજ કહ્યું છે.

**क्लिष्टोपिचेद्भजेत्कृष्णंलोकोनश्यतिसर्वथा ॥ १७ ॥**
**मर्यादास्थस्तुगंगायांश्रीभागवततत्परः ॥**
**अनुग्रहःपुष्टिमार्गेनियामकइतिस्थितिः ॥ १८ ॥**

**અર્થ**—સંસારના કલેશ ભોગવતાં છતાં પણ જો શ્રીકૃષ્ણનું ભજન કરવામાં આવે તો સર્વથા અહંતા મમતાનો નાશ થાય છે અને પરિણામે પ્રભુની કૃપાથી સ્વરૂપાનંદનો અનુભવ થાય છે. જેમાં ગંગાજીના તટમાં રેહેનાર માણસ સ્નાનપાનાદિકથી મુકત પામે છે તેમ મર્યાદામાર્ગમાં રેહેનાર શ્રીભાગવતમાં કહેલાં સાધનો કરે ત્યારેજ ફળ પામે છે અને પુષ્ટિમાર્ગમાં રેહેનારને તો સાધનો વિના પણ ભગવાનના અનુગ્રહથી ફળ પ્રાપ્ત થાય છે. पोषणंतदनुग्रहः[१] એ વાકય પ્રમાણે બીજા માર્ગમાં સાધનોથી ફળ મળે છે અને પુષ્ટિમાર્ગમાં કેવળ અનુગ્રહથીજ મળે છે. ભાવના અધિકપણાને લીધે લોકનો કે વેદનો ભય નહી રેહેતાં જેમાં સઘળા નિયમોનો બાધ થઇ જાય છે અને ધર્મમાં નિષ્ઠા રાખવાની જરૂર નહી રેહેતાં તાત્પર્ય સમજાઇને સ્વરૂપમાંજ તત્પરપણું થાય છે તે પુષ્ટિમાર્ગ કેહેવાય છે. ભગવાનના અનુગ્રહથી મળેલી જે સ્નેહાત્મક ભકિત તે પુષ્ટિભકિત છે. आत्मारामाश्चमुनयोनिर्ग्रंथाअप्युरुक्रमे । कुर्वंत्यहैतुकींभक्तिमित्थंभूतगु

---

१ नायमात्माप्रवचनेनलभ्योनमेधयानबहुनाश्रुतेतयमेवैषवृणुतेतेनलभ्यः એ શ્રુતિમાં કહ્યું છે આ આત્મા વ્યાખ્યાનથી, વિચારથી કે ઘણાં શાસ્ત્રો સાંભળવાથી મળે એમ નથી પણ જેના ઉપર આત્માનો અનુગ્રહ થાય તેનેજ મળેછે. भजतांमुकुंदोमुक्तिददातिकर्हिचित्स्मतन्नभक्तियोगं એ શ્રીભાગવતના વચનમાં મુકિતથી અધિક જે ભકિતયોગ કહયોછે તે પુષ્ટિભકિતછે.

ણોહરિઃ એ શ્રીભાગવતના શ્લોકમાં તથા ब्रह्मभूतःप्रसन्नात्मानशोचतिनकांक्षतिः । समःसर्वेषूभुतेषुद्भक्तिलभतेपराम् । એ શ્રીગીતાજીના શ્લોકમાં જ્ઞાન થયા પછી પ્રાપ્ત થવાની જે ભકિત લખી છે તે પુષ્ટિભકિત છે એમ સમજવું. જ્ઞાનથી બરબારીજ મુકિત થવાનું જે વચનોમાં કહ્યુ છે તે વચનોમાં મુકિત શબ્દનો અર્થ અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ છે પણ પુરૂષોત્તમની પ્રાપ્તિ નહી.

**उभयोस्तुक्रमेणैवपूर्वोक्तैवफलिष्यति ॥**
**ज्ञानाधिकोभक्तिमार्गएवंतस्मान्निरूपितम् ॥ १९ ॥**

**અર્થ**—મર્યાદામાર્ગમાં અને પુષ્ટિમાર્ગમાં અંતર એટલો છે કે મર્યાદામાર્ગવાળાને પુષ્ટિમાર્ગમાં પ્રવેશ થયા પછી ફળ મળશે અને પુષ્ટિમાર્ગવાળાને પરભારૂજ તુરત ફળ મળશે એટલામાટે જ્ઞાનમાર્ગ ( મર્યાદામાર્ગ ) કરતાં પુષ્ટિમાર્ગ અધિક છે એમ કહેવામાં આવ્યું છે.

**भक्त्यभावेतुतीरस्थोयथादुष्टैःस्वकर्मभिः**
**अन्यथाभावमापन्नस्तस्मात्स्थानाश्चनश्यति ॥२०॥**

**અર્થ**—જેમ ગંગાજીના તટ ઉપર રહ્યા છતાં પણ ત્યાં રહીને દુષ્ટકર્મો કરનાર માણસ તે પાપોથી અધોગતિ પામે છે તેમ જેને કોઇ પ્રકારની ભકિત નથી તે માણસ મનુષ્યદેહ પ્રાપ્ત થયા છતાં પણ દુષ્ટકર્મોના યોગથી અધોગતિ પામે છે.

**एवंस्वशास्त्रसर्वस्वंमयागुप्तंनिरूपितम् ॥**
**एतद्बुद्ध्वाविमुच्येतपुरुषःसर्वसंशयात् ॥२१॥**

**અર્થ**—આ પ્રમાણે પોતાના શાસ્ત્રનું ગુપ્ત સર્વસ્વ મેં સમજાવ્યું છે. માણસ આ સમજીને સઘળા સંશયોથી મુકત થાય

નારદજીના ઉપદેશથી વ્યાસજીએ સમાધિ ભાષારૂપ શ્રીભાગવત કરીને પોતાના તાપને દૂર કરયો હતો તેમ શ્રીમહાપ્રભુજીના ઉપદેશથી સૂરદાસે વ્રજભાષામાં વ્રજલીલાનું વર્ણન કરીને પોતાના તાપને દૂર કરયો. શ્રીમહાપ્રભુજીએ પ્રમાણે સૂરદાસજીને શરણે લઈને ત્યાંથી ચાલ્યા તે ઝાડખંડ કે જ્યાં પોતે પૃથ્વી પરિક્રમણનો ત્યાગ કરયો હતો ત્યાં આવ્યાં. ત્યાંથી અવશેષ રહેલી પૃથ્વી પરિક્રમાને સંપૂર્ણ કરી ફરી શ્રીવિઠ્ઠલનાથજીનાં દર્શન કરવા વાસ્તે પંઢરપુરમાં પધારતાં શ્રીવિઠ્ઠલનાથજીએ ફરીવાર આજ્ઞા કરી કે "કાશીમાં તમારી જાતનો 'મધુમંગળ' નામનો બ્રાહ્મણ પોતાની દેવકન્યા દેવા વાસ્તે તમારી વાટ જુવે છે માટે તુરત ત્યાં જઇને વિવાહ કરો." શ્રીવિઠ્ઠલનાથજીનાં વચન સાંભળી 'તથાસ્તુ' એમ કહી બ્રહ્મચર્યવ્રતનું સમાવર્ત્તન કરી શ્રીમહાપ્રભુજી પોતાના યોગ્ય સમાજ સાથે લઈને કાશીમાં પધાર્યા. શ્રીમહાપ્રભુજીએ બાર વર્ષમાં પૃથ્વીની ત્રણ પરિક્રમાઓ કરી.

**ઇતિશ્રી વલ્લભદિગ્વિજય ગ્રંથમાં પૃથ્વીપરિક્રમણ પ્રકરણ સંપૂર્ણ.**

## ॥ श्रीवल्लभोजयति. ॥

### अथ श्रीगृहस्थाश्रम प्रकरण प्रारंभः

કાશીમાં એક 'મધુમંગળ નામનો તૈલંગ બ્રાહ્મણ હનુમાન ઘાટ ઉપર પોતાની નાતના સમુદાયમાં રેહેતો હતો. એ બ્રાહ્મણે માહાલક્ષ્મી નામની પોતાની કન્યાને રૂપથી; શીલથી અને ગુ-

## ગ્રંથકર્ત્તાની યુક્તિ.

જેઓ શ્રીવલ્લભકુળના ભક્ત છે તેઓનાં ચરણમાં માથુ નમાવીને મેં આ શ્રીવલ્લભદિગ્વિજય નામનો ગ્રંથ રચ્યો છે. આ ગ્રંથને જેઓ વાંચશે કે સાંભળશે તેઓની સર્વ ભ્રાંતિઓ ટળી જશે, શ્રીવલ્લભાચાર્યના ચરણમાં પ્રીતિ અત્યંત વધશે અને કુબુદ્ધિ મટીને સુબુદ્ધિ થશે. શ્રીવલ્લભાચાર્યનો દિગ્વિજય ગ્રંથ કે જે સંસ્કૃત ભાષામાં છે અને ઉત્તમ વૈદિક વચનોથી ગુંથાયાને લીધે સઘળા લોકોથી સમજી શકાય એવો નથી તેને ઘણા શ્રમથી એક વિદ્વાનની પાસેથી સમજી લઇને સીતારામ નામના બાબુએ પોતાની બુદ્ધિના વેગથી અને સ્નેહી લોકોની અનુમતિથી આ ગ્રંથ ભાષામાં રચ્યો છે.

**ઇતિશ્રી વલ્લભદિગ્વિજયનું ગુજરાતી ભાષાંત્તર સમાપ્ત.**

સમાપ્ત.

# સૂચના.

સર્વ આર્યબંધુઓ તથા સજ્જનોને સૂચના કરવામાં આવેછે કે નીચે લખ્યા પુસ્તકો છપાઈ તઇયાર થયાંછે જે સાહેબોને લેવા ખાયસ હોય તેઓએ નીચે લખેલ ઠેકાણેથી રોકડી કીમતે મગાવી લેવાં. રૂ. આ. પૈ.

સ્કંદપુરાણોક્ત દ્વારકામહાત્મ્ય અને તેના શબ્દે શબ્દનું ગુજરાતીભાષાંતર.....૩–૦–૦

દ્વારકામહત્મ્ય મૂળ અધ્યાય ૪૫ ....૧–૦–૦

ભોજપ્રબંધ અને તેનું ગુજરાતી ભાષાંતર ૨–૮–૦

વલ્લભદિગ્વીજય ભાષાંતર................ ૧–૮–૦

સનકાદિ વિરચીત ગોમત્યષ્ટક મુળ સાથે ભાષાંતર ............................ ૦–૦–૬

દ્વારકા તથા બેટના નકસા............ ૦–૧–૦

શ્રીકૃષ્ણ જન્મખંડનું ગુજરાતી ભાષાંતર બે ભાગ રાયલ આઠપેજી ફારમ ૧૦૦ પૃષ્ટ ૮૦૦ સારા કાગળો તથા પાકા પુઠાથી પ્રથમ ગ્રાહક થનાર પાસેથી રૂ.૪ અને પાછળથી રૂ. ૬. બે ભાગ જુદા લેનાર પાસેથી દર ભાગે રૂ. ૨

